શ્રી

રાજ્ય રંગ.

નાટકનાં ગાયનો

શ્રી નરબુદી પ્રાસાદીક નાટક કંપની માટે
રચી પ્રસિદ્ધ કરનાર

જમનાદાસ વનજી ઠક્કર,

માલીક,

શ્રી નરબુદી પ્રાસાદીક નાટક કંપની.

આવૃત્તી ૧ લી   પ્રત ૧૦૦૦.

આ પુસ્તક રજીસ્ટર કરાવીને તેના સર્વ હક રચનારે પોતાના સ્વાધીન રાખ્યા છે માટે તેની રજા સિવાય કોઈએ છાપવું છપાવવું ભજવવું યા ભજવાવવું. નહીં.

"નેશનલ પ્રેસ" મધે શે. ખ. સીધવાણીએ છાપ્યું—કરાંચી.
સંવત ૧૯૭૦.   ઇસ્વી ૧૯૧૪.
કિંમત ૨ આના.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાત. કૉપીરાઇટ-સંગ્રહ

गूजरात विद्यापीठ ग्रंथालय

[गूजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૪૭૮-૭ वर्गांक

पुस्तकनुं नाम રાજ્યરંગ નાટકનાં ગાયનો

विषय ૮ : ૨ : ૧

શ્રી

રાજ્ય રંગ

નાટકની પ્રવેશવાર હકીકત

અંક પહેલો

૧—શ્રીપુરના મહારાજા શિવસિંહના ગાદી વારસ કુમાર જયસિંહના સગીર પુત્ર કુસુમાયુધનો જન્મ દીવસ હોવાથી અમલદારો અને નાગરીકો મુબારક બાદી આપે છે તેમાં ભાગ લેવા શ્રીપુરના કચારીયા મહાલના અગ્રણી ભાયાતો કાયડજી, વખતાજી અને વિરમજી પણ આવેલા તેઓ પોતાની મુર્ખાઈથી અપમાન પામી જાય છે પછીથી તે રાજ્યના સાત પેઢીના નિમકહલાલ કાર્યાધ્યક્ષ અનુપસિંહની માતા ભવાની, સ્ત્રી શીલવતિ, અને પુત્રી કામકળા, આવી આશીષ આપે છે આંહિ જયસિંહ શીલવતિ પર મોહાન્ધ થાય છે અને કામકળા તથા કુસુમાયુધનો પ્રેમ જોડાય છે.

૨—અપમાન પામી કંથારીયામાં આવી કાથડજી પોતના કામદાર સાકરલાલ પર ગુસ્સે થાય છે ને તેને રજા આપી ભગલા નામના પોતાના માનીતા ગાંયજાને કામદાર બનાવે છે

૩—જન્મ દીવસને ઉજવવા આવેલી સ્ત્રીઓવાળા ઓરડામા જઇ જયસિહ શીલવતિને પોતાના વિકારોને વશ થવા વિનવે છે ત્યાં રાણી પ્રેમપ્રભા આવી શ્રીપુરની રાજ્ય ગાદીએ આવનાર રાજા ભવાનીને ઘરથી પોષાક મેળવે ને રાજતિલક કરાવે ત્યારેજ તેને પ્રજા રાજા તરીકે સ્વિકારેછે આ નિયમની યાદી સહિત શીખામણ આપે છે જેથી જયસિહ ફરી આમ ન વર્તવાનુ વચન આપે છે તેમજ પ્રેમપ્રભા ભવાની પાસેથી પણ જયસિહનુ સદા ભલું કરવાનું વચન લે છે.

૪—જયસિહનો ગુપ્ત શત્રુ શ્રીપુરનો સેનાધિપતી ઉન્મતસિહ જયસિહ ના વિનાશ ના વિચાર કરે છે


૫—મહારાજા શીવસિહજી સખ્ત બીમારી ભોગવતા હતા તે દેહ તજે છે

૬—શીવસિંહની રાણી અને જયસિહની ઓરમાન માતા વિલાસવતિ ઉન્મતસિહની સાથે મળીજઇ પ્રજા ત્યા સજ્જનને પોતાના

પક્ષમાં લઇ જયસિંહને રાજગાદીએ ન બેસવા દેવાના પ્રપંચ રચે છે ભવાની આ જાણી વિલાસવતિને ઠપકો દીએ છે

૭—કામદાર બની ફાટી ગયેલો ભગલો ગાંયજો કંથારીયાના પટેલ પાંચાની છોડી કેતકી પર આશક થઇ છોકરીઓના હાથનો માર ખાય છે ને જુનો કામદાર સાકરલાલ આ વાત જાણી કાથડજી ત્થા ભગલા ને બેવકુફ બનાવવાનો તાલ રચે છે

૮—શ્રીપુરની ગાદીએ બેસવા તઇયાર થયેલો જયસિંહ ભવાનીને ઘેર રાજતિલક કરાવવા આવતાં ફરી શીલવતિને જોઇ વિકળ થાય છે આંહી શીલવતિ પ્રાણ તજે છે ને અનુપસિંહ પોતાની સ્ત્રીનુ વેર લેવા બારવટે જાય છે



અંક બીજો

૧—શીલવતિનાં ખુનનો આરોપ જયસિંહ પર રાખી વિલાસવતિ આ ઉન્મતસિંહ પ્રગનો ત્થા સૈન્યનો બળવો કરાવે છે જેથી જયસિંહ અને પ્રેમપ્રભા નાસી જાયછે ભવાની પોતાને ઘેર કુસુમાયુધને છાની રીતે તેડી જાયછે


૨—ઘેર આવેલા કુસુમાયુંધનુ કામકળા સન્માન કરે છે ત્યા ઉન્મતસિંહ શક પરથી ભવાનીના ઘરની તપાસ, કરવા આવે છે ભવાની કામકળા ત્થા કુસુમાયુધને નસાડી મુકે છે ને પોતે ઉશ્કેરાતા વિલાસવતિ પાસે જાય છે

૩—ભગલાના સમજાવવાથી કાથડજી પાંચા પટેલની છોડી કેતકીનુ માગું ભગલા વેરે કરે છે સાકરલાલ તે કબુલ કરાવે છે ને કેતકીને બદલે પુંજલી નામની મેઘવારની અદારે અંગે વાંકી છોડી ભગલાવેરે પરણાવી દેવા ગોઠવણ કરે છે

૪—ઉશ્કેરાયલી ભવાની વિલાસવતિનુ ખુન કરી તેની જગ્યાએ પોતે ગોઠવાઇ વિલાસવતિ તરીકે રાજ કારભાર ચલાવે છે

૫—ભગલા સાથે પુંજલી પરણે છે તેના વરઘોડામાં ચાલતાં કાથડજી, વસ્તાજી તથા વીરમજીનાં કાળાં મોઢાં કરી ગધેડે બેસાડી સાકરલાલ યુક્તિથી ગામ બહાર કાઢી મુકે છે

૬—બહારવટે નીકળેલા અનુપસિંહને જયસિંહની શોધમા નીકળેલા ઉન્મતસિંહ મળે છે ત્યાં દૂર દરિયાથી જયસિંહ, પ્રેમપ્રભા, તથા કુસુમાયુધ ને કામકળા પણ આવે છે વેરની ધુનમાં ઘુમતા અનુપસિંહ જયસિંહને ઉન્મતસિંહના હાથમાં સોંપે છે કુસુમાયુધને સમુદ્રમાં ફેંકાવે છે ને પ્રેમપ્રભા તથા કામકળાને પોતાને કબજે રાખે છે



અંક ત્રીજો

૧—કેદ કરેલા જયસિંહને જીવતો દાટી તેનું માથું લઇ ઉન્મતસિંહ શ્રીપુર જાય છે

૨—પ્રેમપ્રભા નેપોતાનીસ્ત્રી તરીકે રહેવા અનુપસિંહ સમજાવે છેત્યાં શીલવતિ સુક્ષ્મ શરીરે આવી અનુપસિંહને રાજ્ય નિષ્ટ થવાનો ઉત્તમ બોધ આપે છે જેથી અનુપસિંહ જયસિંહનુ વેર ત્યાગી તેને સ્હાય કરવા પ્રેમપ્રભા તથા કામકળા ને લઇ શ્રીપુર જાય છે

૩—પ્રજાના બલવા વખતે વિલાસવતિ તથા ઉન્મતસિંહની સામો થઇ નાસી છુટેલો પનાલાલ યોગીવેશે રહી વેર લેવાની તક શોધે છે તેને હાથ સમુદ્રમાં તણાતો કુસુમાયુધ્ધ આવે છે તેને શુધ્ધિમાં લાવેછે ત્યાં શ્રીપુર જવા નીકળેલો અનુપસિંહ પણ આવે છે તેની સાથે પ્રેમપ્રભા તથા કામકળાને જોઇ કુસુમાયુધ્ધ ખુશી થાય છે ને પનાલાલ આશ્ચર્ય થાય છે પણ બન્ને જાહેર ન થતાં યુક્તિથી તેની સાથે શ્રીપુર જાય છે

૪—બગલાને પરણેલી પુંજલીની પહેલી મુલાકાત ને બન્નેનું સીપાઇથી પકડાઇ શ્રીપુર જવું

૫—બાળયોગી કુસુમાયુધ્ધ અને કામકળાની આનંદમય ગુપ્ત ભેટ

૬—અનુપસિંહ શ્રીપુરને કબજે કરી ઉન્મતસિંહને પકડે છે કુસુમાયુધ્ધ અને પ્રેમપ્રભાની ભેટ ભવાનીનોભેદભંગ અને પન્નાલાલનુ પ્રગટ થવું બાદ જયસિંહને ઉન્મતસિંહે મારી નાખ્યોછે એવુ નકી થતાં સતિ પ્રેમપ્રભા પ્રાણ તજી દે છે ઉન્મતસિંહના શરીરમાં ખીલા મારી તેને રીબાવી મારી નાખવામાં આવે છે

૭—માતા શોકથી પીડાતા કુસુમાયુધ્ધને કામકળા ધીરજ આપે છે.

૮—ગધેડે બેસી રખડના ત્રણે બંધાણી પરસ્પર લડી સીપાઇથી પકડાઇ શ્રીપુર જાય છે

૯—કાથડજી, વરતાજી, વિરમજી, ભગલો, પુંજલીને સાકરલાલનો ઇન્સાફ થયા બાદ ભવાનીના હાથથી રાજતિલક કરાવી કુસુમાયુધ્ધ શ્રીપુરનો મહારાજા થાય છે તેમજ કામકળા અને કુસુમાયુધ્ધનુ પ્રેમી જોડું જોડાય છે ને આનંદ આનંદ વર્તાય છે

સમાપ્ત

श्री

રાજ્ય રંગ, નાટકનાં મુખ્ય પાત્રો.

પુરૂષ વર્ગ

શીવસિંહ	... ...	શ્રી પુરનો રાજા
જયસિંહ	... ...	શીવસિંહનો કુમાર
કુસુમા યુધ્ધ	... ...	જયસિંહનો કુમાર
અનુપ સિંહ	... ...	કોશાધ્યક્ષ (ખજાનચી)
ઉન્મત સિંહ	... ...	સેના પતિ
પન્નાલાલ	... ...	નગર શેઠ
કાથડજી વસ્તોજી વિરમજી	... ...	શ્રી પુરના રાજા ભાયાતો અથવા કંથારીયા ગામના ગરાસદાર
સાકરલાલ	... ...	તેનો કામદાર
મગલો	... ...	કાથડજીનો માનીતો ગાંયજો

સ્ત્રી વર્ગ

વિલાસવતિ ... ... શીવસિંહની રાની


પ્રેમપ્રભા ... ... જયસિંહના રાણી

ભવાની ... ... અનુપસિંહની માતા

શીલવતિ ... ... અનુપસિંહની સ્ત્રી

કામકળા ... ... તેની પુત્રિ

આ સિવાય—કેતકી પુરી પુંજલી દાસી વારાંગનાઓ પાંચો જીવે।
પ્રજાજન સિપાહઓ ચાંગીયાઓ દરબારી વિગેરે.



૪૭૯૭

શ્રી

રાજ્ય રંગ નાટકનાં ગાયનો.

અંક પહેલો

આળાપ્યા— ૨

સહાય માગું સંકટ હાંગી નીતિના પ્રયાસે
રાજ્ય રંગ લઘુ જગમાંહિ વિરચું રહીને પ્રભુ પાસે—સહાય
કરૂણુ વીર શૃંગાર હાસ્યને રૌદ્ર ભયાનક છે જ્યાં
ષટરસ ભરપુર ષટગીપુ સમ શુર
તેની મધ્ય મતિ રમે જનાં તે ન મને ગમે
બની રહું વિજ્યી ઉલ્લાસે—સહાય
જગ જન તન મન ધન હરનારા બોધક રંગું પનોતા
અદ્ભુત મુદ્ભર નીતિમય રસ ઝર

ઉમંગે આરંભ કરૂં વિનય વિજય સ્મરૂં
નરહરી તવ વિશ્વાસે—સ્હાય

પ્રેમ પ્રભા— ૨

લાડીલા મારા ભાવથી પહેરો સુંદર આ શણગાર
માતા પીતા અને શ્રીપુર દેશના હાકમ હથ્યાનાહાર—લા૦
મોહક મુરતિ તારી ઉપરથી વારી જાઉં વાર વાર
જાણું મારે ઘેર આજ પધાર્યાં ઇંદ્ર ધરી અવતાર—લાડીલા૦
જીવજો વર્ષ કરોડ હરી પૂરજો મનના કોડ
રહેજો સ્હાયક શ્રી રણછોડ મારા મોંઘા છે રાજકુમાર—લાડીલા૦

કુસુમાયુધ— ૩

પહેલાં તો દિલ દરેકના જીતી રાખવી રાયે આવી રાજનીતિ
શોધી પોતાના પ્રિતીથી પાળવા હોય કાંટા કુસા તે કાપીને ટાળવા
રાજનાં તમામ કામ જાતથી તપાસવાં
લાગ વગે પુરો બીજો નાં દેવો થવા
દાદ શુણીને સત્યતાથી દેવો અદલ ઇન્સાફ
અમલદાર તકસીર કરે તે કદી કરવી નહિં માફ
કહે ત્યારે ધન્ય ધન્ય પ્રજાજન રાજાને કહે ત્યારે ધન્ય ધન્ય
કદી ન થનાર એવા રાજાઓનું ગંજન

કરે વશ આશાને ત્રાસ વડે તન મન
પોષે વળી પ્રીતિથી આપી જે અન ધન

જયસિંહ—   ૪

આપા નરથી ઉદય અહો કેમ થનાર
જે છે વગર પુંછના પશુના અવતાર—આવા૦
જરી ન સાન છતાં જ્ઞાનવાન બનતા
ખરું વિસારી ખોટે મોહીને ખુશી હતા
નીશાની નીશામાં ખોતા જોર જર ભાર—આવા૦
જનમી જીવીને મુવા નામના નહિં કરી
કે ન સ્મર્યા હરી વાતો સન્તાની ન સુંદરી
એકે ન સુધાયું એવા નરને ધિક્કાર—આવા૦

કુસુમાયુધ—   ૫

જરી સુંદરી સંભારો ગત વય રંગ તમારો
કેતાં શું નહિં મુજને મનનો હરનારો—જરી૦
દુર જરી થાતો તો મનમાંહે કચવાતાં
બીજીથી બોલું તો બીજી રીસાઇ જાતાં
વહેમાતાં ને ગાતાં વિરહી ઉદ્દગારો—જરી૦

કુસુમાયુધ— ૬

ચપળા. સુંદર ચટ આ ચાતુરીને ચાળા

કામકળા—નાં ચાતુરીને ચાળા પણ સત્ય વચન મરમાળાં—ચપળાં૦

કુસુમાયુધ—આયઉપવન રમ્ય બગીચે, ખીલેલાં પુષ્પો હીંચે

ચુંટીશ પ્હેરીશ જરૂર હું કરી માળા—ચપળા૦

કામકળા—પરને ઘરમાં બોલાવી, શું આમજનું છે કાલી

પરખ્યા નરવર અતિશય છો કાળા—ચપળા૦

કુસુમાયુધ—નવ રાખો અંતર છાનું

કામકળા— નાના કદી એમ ન માનું

રહો દૂર કાન સમાન કપટવાળા—ચપળા૦

ભગાલો— ૭

નથી કોઇ મારો જોટોરે

આકરી ચાકરી હજુરીની કરનાર બડો હુશીયાર

ને ખબરદાર—નથી૦

લટપટ લઇ લીહો લપેટો રાજી રાખું દરબાર

કરૂં રૂપાળા ભમરાળાને કાવડીયાં લઇ સાર—નથી૦

આડો હાલે તેને પાડાની પેઠ પકડીને સોલનાર

ભગલો બાહદર કામણજીનો નામસે કોણ લેનાર—નથી૦

બગલો— ૮

બાપા થંભી જાંહુ ગામ દેખી મારૂં કારભારૂં
વતું કરવા આજથી હું તો ક્યાંયે નહિં પધારૂં
અભણ તોપણ કલમ હાથમાં વેંત એકની ધારૂં-બાપા૦
હુંથી ડાયો કોણ થાયતો ખુલ્ટ એકજ મારૂં
કહયું ધરૂં નહિં કાન કોઇનું માનીશ એક તમારૂં—બાપા૦
તમે સુરજને હું સું ચાંદો બેય વિનાઅંધારૂં,
એવું દેહ બને બોલાવું, ભગો નામનો મારૂં—બાપા૦

સખીયો— ૯

ફુલી ફુરીએ ભરીએ ઉમંગ અંગમાં
સહુ થઇ ઘેલી રે (૨) ફુરીએ૦
ખેલી સંગ રંગના પ્રસંગમાં હો સખી—ફુરીએ
ગાઇ ગુણને વીણા મ્રદીંગ ચંગમાંરે—ફુલી
ઘડી બેની છે આજની રળીયામણી
જન્મ પામ્યા (૨) શ્રી પુર રાજ્ય દીનમણી
વર્ષ ગાંઠ ઉજવીયે કુસુમ કુંવર તણી
હીંઓ આવાર, સંસાર નાસાર નો પાર
આલી ઉછરંગમાં—ગાઇ૦

હસે માતાનું ઉર જોઈ વ્હાલાનું નુર ભાગ લઈએ
જરૂર એહ સ્નેહમાં
હેમ રૂપાનાં ફુલ વેરી માથે પ્રફુલ્લ થાઓ દેહમાં
લઈ રંગીલી રાસ (૨) ગીતે ગજવો આકાશ
પુરે અંતરની આશ દેવ આવીને પાસ
દ્યો આશીષો ખાસ રાયજાદાને
વિપતિ હરણી, કીરતી કરણી,
પ્રભુતા ભરણી ને સુધા ઝરણી—ગા૦

જયસીંહ— ૧૦

ભાન જ્ઞાન તારી છાંયમાં છુપાઈ જાય છે
મૂઢ કાય થાય રોમ રોમ તું ગણાય છે—ભાન
કાન્તિને પ્રકાશ ગુણ ચંદ્રનો ગણાય છે
મુજ મને આ વદન ચંદ્ર વિપરીત હા થાય છે—ભાન૦
ગોરી છોડીદે ગુમાન મન હરણી માન માન
લે ભલાઈ જો જુવાની વ્હાલી ચાલી જાય છે—ભાન૦

શીલવતિ— ૧૧

યુવરાજ જરી (૨) મતિ સ્થિર રાખો
લાજ તજોનાં લાખની

નવ સાંપડશે (૨) આ જીવનમાં
જશે પલકમાં આંખની-યુવરાજ
હજુ જશમય જીવન છે કરવું
ત્યાં અખાજમાં મનડું ધરવું
પછી શું મુખ લઇ જગમાં ફરવું-યુવરાજ
છે કામ સ્વપ્ન સુખ ઘડી બેનું
પરીણામ ભયંકર છે તેનું
હણી તે ખર પોષો વિનય ધેનું-યુવરાજ

પ્રેમપ્રભા— ૧૨

શ્યામ વિચારો કુ વિકારો કરે પ્યાર
શો સ્વાદ શાણા છે પરાઇ નારીની યારીમાં
એ તો અમીત ચીન્તને કરનાર-શ્યામ
હશે સ્ત્રી છે સમ સત્વની કાય
મુરખ લોભાય છે
નુરની સુંદરતામાં પતંગ પ્રમાણે અંગ
અરપી બળતા પછી કરે છે પુકાર-શ્યામ

પ્રેમપ્રભા— ૧૩

પુન્ય માતા રે જો સદા આવાં પ્રેમી શીરનામું
પ્રાણપતિ છે મારા તોરીલા નાં જોશો
એનાં હોય સામું—પુન્ય
સાતવંશ સંતાપ્યા છે સંકટમાં સ્હાય કરી
તેમજ એક નીભાવી લેજો
ગમે તેમ પણ પુત્ર તમારા ગણી સુધારો ગુણ નકારા
આપ ભરૂંસો પુરો અન્ય નથી હિતકારી
માજી કેમ વિરામું—પુન્ય

ઉન્મતસીંહ— ૧૪

અસ્ત કરીને મસ્ત થઇ બસ આ જીવન ગાળું
હસ્ત સમસ્ત કરોશ નથી પછી કોઇ કહેવા વાળું
સઇન્ય બધું છે મારે હુકમે હાજર રહેનારૂં
તારાં શસ્ત્રે તુજને મારીશ કરી નામ કાળું—અસ્ત
પુરજનને પરીજનમાં રાખીશ કોય નહિં તારૂં
ઠાકરીઓ વીંછી થઇ ઉન્મત ડશી વેરવાળું—અસ્ત

જયસીંહ— ૧૫

શ્રીદ રામને ધામ પધારો પિતા એમ ન આમ વિસારો

બાળ શીરે છે બાપ અતિશય આપતણા ઉપકારો
સેવાથી બદલો જરી લેવા પુત્ર પ્રાણને ધારો—શીદ૦
શીવ સમ ભોળા કેમ વિસારો સ્નેહી સ્વભાવ તમારો
પુત્ર પ્રજાનું સર્વ બગાડી સ્વાર્થ કરો નાં પ્યારો—શીદ

વિલાસવતિ— ૧૬

વેર વાળવારે મન ઠારવારે હવે આવ્યો છે મારો પે દાવ
મુવા જો જે જયસિંહ હવે થઇશું હું સિંહ
નહિં મારા પંજામાંથી જાવ, આવ સામો ફાટેલા તું આવ—વેર
વૃધ્ધ રાજા ને ભમાવી તેં કરીતી
આરમાઇ માતાને કોડી સમાન
તેનું ફળ હવે લેજે નાદાન
નાર બુધ્ધિનો જો જે પ્રભાવ—વેર

વલાસવતિ— ૧૭

થાન પુંછડી સાચતણી છે વીણુ મોતે મરનાર
નમે ત્રાજવું તે બાજુમાં હજુ કહું છું પગધાર—થાન
એક નેકીથી શું થાવાનું જ્યાં બદી હારો હાર—થાન

ભવાની—

શીખ સાંભળી આપ તણી મુરખનાં મન ચળનાર

મોત દશા ને કર્મ ઓળખે તે નહિં અહિં મળનાર—શીખ
ઘર હરેશે નવ દેશ ઘુખાડો કાંઇક કરો વિચાર—શીખ
પાપે જાશે પત જગ દેશે વાર વાર ધીટકાર—શીખ

કેતકી— ૧૮

હો બેનડી ચાલો પાણીડાં જઇએ
પાણીડાં જઇએ ઘડુલા રૂડા લઇએ—હો૦
સાસરવાસે શીખીને જાવું
માનીતાં કામ કરી હુંધાના થઇએ—હો૦
નામ દીપાવવા માબાપ કેરૂં
રૂડી રીતીમાં પ્રીતિ રાખીને રહીએ—હો૦

સીઓ— ૧૯

આજે સોનાનો સુરજ ઉગ્યો આંગણેરે
ભાગ્ય ભવાંનીનાં નો નપાર
રૂડા રાજા આ ઘરને દિપાવશેરે
બુઓ શ્રીપુર દેશની સોહામણીરે
બેટી ભવ્ય ભલા ભરથાર
થાશે રસવાળી સઉને મન ભાવશેરે
એની શીલવતીને હઇયે હોંશ છે રે
બેસરાજ્ય તિલક વતંસોશા

૨૧

એ તો જયસિંહને ફુલડે વધાવશેરે

શીલવતિ— ૨૦

સૌ્ઓ—

જીવો જુગો જુગ રાજા રાખો સુધર્મની માજારે—જીવો
અહી પુર્વજોની રીતી મન સર્વ જનનાં જીતી
પ્રિય થાઓ પિતુથી ઝાઝા રે—જીવો.
સહુ દેવને સુર સ્વામી ના સર્વ ગુણ નૃપ પામી
શીવ તુલ્ય હો મહારાજા રે—જીવો.

અંક પહેલો સમાપ્ત

અંક બીજો.

જયસિંહ— ૨૧

મતિ કેમ જતી રહી મારીરે અઘટીત કર્મ કને
છેક વિવેકને પશુ થઇ ભુલ્યો
વચન દીધેલું વિસારીરે પ્રેમપ્રભા તુજને—મતિ૦
પાપ તણો અતિ તાપ તપાવે શાન્તિ નથી
મળનારીરે—એમ જણાય મને—મતિ૦

કામકળા— ૨૨

ધન્ય ધન્ય કીધી આ દેહ આવી રાજા આંગણે એ-એ-એ
વરસાવ્યા મયા તણા મેહ—આવી૦
સેવા શી રાંક કરીએ ચરણે સરવસ્વ ધરીને
ભાવને ભાવથી સ્વિકાર જોજી
જાણું છો દેવ મારા રાખું કરી પ્રાણથી પ્યારા
રે જો થઇ હોંસે હૈયા હાર જો રે

કામકળા— ૨૩

અમર વર મારા છો આધાર

સુનો આપ વિના સંસાર

ગણું મમ જીવનના સાર—અમર૦

કુસુમાયુધ—દુખ સમય સુખદાઇની કરછ અતિ ઉપકાર

કામકળા—સુખ સંગી દુખે દુર થનારી ગણું અધમ અવતાર

ત્રીયા એ ગણું અધમ અવતાર—અમર૦

કુસુમાયુધ—સર્વ ભુલ્યો દુઃખ ભેટતાં તું સમ સદ્‌ગુણી નાર

કામકળા—તેમજ હું થઇ ભાગ્યશાળી પામી સુભગ ભરથાર

પુન્યથી પામી સુભગ ભરથાર—અમર૦

ભવાની— ૨૪

યાદ રાખ તારૂં આ તાન તોફાન

સાન ભાન ભુલી તું નાદાન

આશા ધરે ઉર ભાંગી કરૂં ચુર કાળ થકી ક્રુર થઇને જરૂર

પાન કરૂં રૂધીરનું પાન—યાદ

ભવાની વેરી એ નાગણ છેડી છે

સજા કુ કામની જાણજે તેડી છે

રાન રાજ થનારીશ રાન—યાદ

ઉન્મતસિંહ— ૨૫

નહિં કદી નહિં હુકમને માન હું દઉં

શું કામ શોધીને ન એનો પ્રાણ લઉં
દશા શી મારી થાય જો એય સંપી જાય તો
પ્રપંચ પાશમાં જરૂર હું ફસાઇ જઉં
ભમી ભુમી આકાશ કરીશ નાશ સર્વનો
ચુંચાં કરેતો આનો પણ અરી અવશ્ય થઉં

ગાંયજણો— ૨૬

મારા ભગવાન ભાઇની ઘોડલી
પેરે કસબી રેશમની લગામરે
ફાંકલડી ચાલે છે નાજુક નાચતી
વાંહે કાયડજી બાપો હાલતા
એને પાટુથી લેલી વધાવરે
ફાંકલડી ભડકીને ક્યાંય ન ભાગતી
રૂડાં ભગવાન ભાઇનાં રૂપને
જેવી મોહી છે કેતકી નારરે
ફાંકલડી એમ તુયે મોહી ના જતી

અનુપ— ૨૭

મુરઝાવું હાકે હું ધરા
કાળ પ્રલય થઇને બસ હાલ શ્રીપુર જઇને ફાવું–મું

અડગ બળથી હણી
મર્દીશ વક્ષ સમીપ ભેદી
હૃદય મારી ચરરરરરરરર
શોણિતધાર ચરરરરરરર
સાગરીને સરિતા સમ મારે આમન
નિત્ય થાશે જનમો—સુગંધ

પ્રેમપ્રભા— ૨૮

રામ રસના રટ વ્યાપક ઘટ ઘટ
દેવા સ્થિર શાન્તિ—રામ૦
કે આ જગત રંગ પતંગ જેવો
અસ્થિર તજ શાન્તિ—રામ૦
દેવા અમર સુખ બગાલીશો નજન
જ્યાં સુધી ના શાન્તિ—રામ૦

કામકળા— ૨૯

અહા કેવા મન રીઝાવે શીતલ સમીર લ્હેરી
કલરવ કરે શા કેકી—અહા૦
ફુલને ફુલથી ફુલીને ઝુલતાં બાલા આ વૃક્ષ વિવેકી
નમી પ્રબોધતાં જગત જનને જતું ન સુખમાં બ્હેકી—અહા૦
આવો બિરાજો પ્રમોદથી પેખવા પ્રભુ કૃતિ તણી નેકી
આજે સ્વછંદી હવે મન મોહન ચિંતા ભ્રાંતિ દઈ ફેંકી—અહા૦

અંક બીજો સમાપ્ત

અંક ત્રીજો.

જયસિંહ— ૩૦

શું છે આવો તુ કામ હરામી
આપે વશ કરીને બદનામી—શું છે
સંગત તારી મેં શીદ કીધી
થાવા રસાતલ ગામી તજી સુખ —શું છે
પુત્ર પ્રિયાને મમ જીવનની
ખ્વારી કરાવી નકામી અધમ તેં —શું છે

ઉન્મત્તસિંહ— ૩૧

બાંકો બનીશ રાજા ધિરાજ કરી સર શ્રીપુરનું રાજ
શીર જાહેર ધરીશ તાજ બાજ બની ભરખી અરીનો સમાજ
ગણતા મુજને જે તાબેદાર તે બદકારનો થઇ સરદાર
દોર દમામ દેખાડી અપાર ખુશીથી ફરીશ કરીનારાજ—બાંકો૦
સિપાઇમાંથી સેનાપતિ થાય ને ત્યાંથી કુદીને રાજા કેવાય
એવો હું જેવો નથી જગમાંય થયો કે થાવો પુરો કળા બાજ
—બાંકો૦

પ્રેમપ્રભા— ૩૨

અરર ચિત આ ચરર ચિરાયે

પ્રાણનાથ પ્રિય પુત્ર વિયોગે
સ્થાવર જંગમ ખાવા ધાયે—અરરર૦
ક્યાં પાપનો શ્રાપ નડે આ
દિવસ થાય અતિ જાય વિપતિ વધી
સુખ વારો નવ કેમ જણાયે—અરરર૦

અનુપ— ૩૩

તજે સંસાર છતાં પ્યારને ઉપકાર ભરી
ઉગારે પતિત સ્વામીને યમના ત્રાસ થકી
અનેક યત્નથી અહા સતી તું પુજ્ય ખરી—તજે૦
ભુમી સમ દોષ દાટીને કરે ગુણ માત્ર છતા
પતિ તણી કીર્તિ ગજાવી રહે રમણી તું ડરી—તજે૦
પ્રભુ નમી માગું એજ હું સુખી સર્વત્ર થવા
શત ભવ પ્યાર ભરી સુંદરી નહિતો હરી—તજે૦

અનુપ— ૩૪

ક્રોધ રક્તમાં ખરો ભરો સરો અગાડી બહાદુરો
હરો પાપીનાં કલેવરો ધ્વજા ફતેહની ઉડાવો
આજ સુધીના કર્મ થકી સંચ્યાછે પાપ અમાપ
માફ કરાવી અને સપાટે લેવા નીર્મળ છાપ

આવ્યો અવસર અતિશય સુંદર
સાચાંના સ્હાયક થાઓ—ક્રોધ૦

કુસુમાયુધ— ૩૫

વાહ વાહ સાચાંના સંગી સ્યાગ
લીલા તારી ન્યારી અતિ છે કમનિય કુડીઠ્તાશે
મોહે મારી મતિ છે—વાહ૦
એક પળે તું પ્રાણીને સૂર્ય તાપથી શેકતોઃ
બીજી પળ શીતળ જળ વરસાવ
અનહદ તારી કરૂણા બની છે—કમનિય——વાહ૦
ભર દરીયે નાવ તારીને મેળવીયાં માનીયારાં
બીજી પણ પુરી કરજે આશ
પ્રતિત તારી શિતા પની છે——કમનિય——વાહ૦

કામકળા— ૩૬

કર્યા સુનો સંસાર કારી તેં મારી કટારી પાર
પૂર્વ ભવનો શો ખાર —કારી
ગોકી સુકાની વિરડી રાણ અમૂને ભેટ
માછલી જશે મરી એ વિચાર્યું નાં જરી
બાળ્યો અવતાર——કારી૦

કુસુમાયુધ— ૩૭

નવેલી કોઇ શોધો રંગી બનોને પ્રસંગી
પીડા હરશે શાન્તિ ભરશે ગમતી ગમ્મત આપી
આનંદે એ કરશે રસ બસ
તમને નકી તન્વંગી—નવેલી૦
બર જોબનનો રોગ ભયંકર એ ઔષધથી ટળશે
નહિં શોધો એ જ્યાં લગી સુંદરી
ત્યાં લગી ભય છે જંગી—નવેલી૦

કામકળા— ૩૮

અહા મારે છે આજ દિવાળી
રસીયા મળ્યા દુઃખો ટળ્યાં—અહા૦
અવધૂત યોગી થાઓ નિયોગી
પ્રિય તનના ને મનના
દીઓ ગોરીને શાનેથી ગાળી—અહા૦

કુસુમાયુધ—

[યોગ ન તજશું ભોગને ભજશું
જોઇ દુરથી તવ મુરતિ

રહેશુ સંતોષે હાલ રસાળી—અહા૦

કામકળા—

કાઢી મ્હાનાં પ્રિયતમ છાનાં
ફરી મળશું મુદિત થશું

કુસુમાયુધ—

ચહું હુંએ એવું મુગ્ધબાળી—અહા૦

કામકળા— ૩૯

શાણા છો ગરવા ગુણવાળા બહુ પંકાશો
મનડાં સર્વ તણાં જીતી મોહન કહેવાશો
રાયતણા પણ રાયથઇ, કરશો પ્રિયતમ રાજ
કર્મ રેખ છાની કદી રહે નહિ મહારાજ
સમ આ વસુધાના ઇંદ્ર ગણાશો—શાણા૦
.ાં વેણુઆ, મંત્ર તુલ્ય ફળનાર
સમ નામના, થશે હરદય હરનાર
પધારો રવી સમ તખ્ત પ્રકાશો—શાણા૦

સર્વે પાત્રો— ૪૦

અમર રાય રાણીની કાય ઇશ કરો
સંકટ સર્વ નીવારીને એમનાં
રીધ્ધિ સિધ્ધિથી દેશ ભરો—અમર૦
ઉત્કર્ષ આર્ય પ્રજાનો દયાનીધિ
વાયુ વેગે થઇ હાની હરો—અમર૦
માગે છે એજ આ નગરી મંડળી
સહુ કામ જય વિજય સરો—અમર૦

"સમાપ્ત."

જાહેર ખબર.

શ્રી નરહરિ પ્રાસાદીક નાટક કંપનીમાંથી નીચે પ્રમાણે નાટકના ઓપેરા મળશે.

નામ					કિંમત.
રાજા સત્યવ્રત	...	...	...	...	૦—૩—૦
પ્રેમમુગ્ધા	...	...	...	...	૦—૪—૦
ધ્રુવ ચરિત	...	...	...	...	૦—૩—૦
સલીમશાહ	...	...	...	...	૦—૩—૦
રતિ માલતી	...	...	...	...	૦—૩—૦
ચિત્રસેન	...	...	...	...	૦—૩—૦
સત્યવાનસાવિત્રી	...	...	...	...	૦—૬—૦
અજબ અશરૂ	...	...	...	...	૦—૪—૦
સયણી ઇન્સાફ	...	...	...	...	૦—૬—૦
સતી વીભાવરી	...	...	...	...	૦—૬—૦
મયુર ધ્વજ	...	...	...	...	૦—૬—૦
ચંદ્ર પ્રભાવતી	...	...	...	...	૦—૬—૦
કુમુદ કેશરી	...	...	...	...	૦—૬—૦
રાજ્ય રંગ	...	...	...	...	૦—૬—૦

જમનાદાસ વસનજી ઠક્કર,

ન. પ્રા. ના. કું. મેનેજર.